# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૨૧૦-૨ તારીખ : ૧૩ - ૦૩ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,

શ્રી હિનાબેન દિનેશભાઈ પોલરા

"મોમાઈ કૃપા" દ્વારકાધીશ સોસાયટી - ૩, જલજીત મેઈન રોડ, ગોકુલ ધામ પાછળ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૪

મોબાઈલ : ૯૨૨૮૨૫૦૩૨૩

વિષય : થ્રી ફેઝ ઇન્ડસ્ટ્રીયલ કનેકશનની અરજી દફતરે કરાયેલ તેના ભરેલા નાણા રીફંડ લેવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : NIL, તા. નીલ.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૪/૨૨-૨૩/1210-2 તા. 13-03-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૩/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૦-૦૨-૨૦૨૩

અરજદાર : શ્રી હિનાબેન દિનેશભાઈ પોલરા , ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી શ્રી દિનેશભાઈ નવીનચંદ્ર પોલરા

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એમ. આર. માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, શહેર-૩ રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી હિનાબેન દિનશભાઈ પોલરા C/o જીત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દ્વારા ૩-ફેઝ ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ મેળવવા માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન અરજી કરેલ હતી જે અન્વયે ઓનલાઈન અરજી નં-૫૮૨૨૫ તા.૦૨.૦૮.૨૦૨૨ અન્વયે રૂ.૨૦૫૦૭=૬૦ ભરપાઈ કરેલ હતા. સદર અરજી અંગેની તપાસ કરતા પીજીવીસીએલ દ્વારા અરજી દફતરે કરેલ છે જેના કારણો જણાવેલ નથી.

૨.૧ ત્યારબાદ અરજદારે ભરપાઈ કરેલ રકમ રીફંડ મેળવવા માટે તા.૧૪.૧૦.૨૦૨૨ થી રીફંડ મેળવવા માટે અરજી કરેલ જે અન્વયે પીજીવીસીએલની શહેર વિભાગીય કચેરી નં-૩ રાજકોટમાં તપાસ કરતા જણાવેલ કે ઓનલાઈન ભરેલ FQ ની રકમ પરત આપવા માટે ચોક્કસ ગાઈડલાઈન ન હોવાથી આપી શકાય તેમ નથી, આમ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઇપણ કારણ આપ્યા વગર ઉપરોક્ત ઓનલાઈન

અરજી રદ કરેલ છે તેની જાણકારી આપેલ નથી તેમજ ભરપાઈ કરેલ રકમ રીફંડ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રીની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ વાવડી સબડીવીઝનના અરજદારશ્રી હીનાબેન દિનેશભાઈ પોલરા દ્વારા થ્રી ફેઇઝ ઇન્ડસ્ટ્રીયલ કનેક્શનની અરજી દફતરે કરાયેલ તેના ભરેલા નાણા રીફંડ લેવા ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૩.૧ અરજદારશ્રી દ્વારા તા.૦૨.૦૮.૨૦૨૨ ના રોજ ઓનલાઈન FQ ભરપાઈ કરેલ છે, જે અન્વયે પીજીવીસીએલની સંલગ્ન કચેરી દ્વારા સ્થળ પર સર્વે કરેલ, તે અંગે અરજદારને પત્ર નં - ૧૩૧૯૮ તા.૨૨.૦૮.૨૦૨૨ ના રોજ ટ્રાન્સફોર્મર સેન્ટર માટેની જગ્યા મધ્યસ્થી દ્વારા નક્કી થઇ શકેલ ન હોવાથી સદર બાબતે જરૂરી ડોક્યુમેન્ટ દિવસ-૧૦ માં રજુ કરવા અન્યથા અરજી રદબાતલ ગણાશે. આમ, અરજદાર દ્વારા સદર પત્રના અનુસંધાને કોઈ કાર્યવાહી ન થતા અરજી દફતરે કરવામાં આવેલ છે જેની જાણકારી અરજદારને તા.૩૦.૦૯.૨૦૨૨ ના રોજ પત્ર નં ૧૪૧૯૮ થી અપાયેલ છે.

૩.૨ પીજીવીસીએલ પક્ષકારની પેટાવિભાગીય કચેરીના પત્ર નં -૧૪૮૬૬ તા.૨૭.૧૦.૨૦૨૨ ના પત્રથી સદર અરજદાર દ્વારા ભરપાઈ કરેલ અંદાજપત્રની નકલ ઓનલાઈન ભરેલ છે જે અરજી દફતરે કરેલ હોય રીફંડ આપવા માટે યોગ્ય કરવા વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ ને જાણ કરેલ હતી.

૩.૩ ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ અન્વયે ઓનલાઈન ભરપાઈ કરેલ રકમ રીફંડ આપવા માટેની ગાઈડલાઈન નિગમિત કચેરીના પત્ર નં – પીજીવીસીએલ/જીએમ(એફએન્ડએ)/૧૩૯૯ તા.૦૩.૦૨.૨૦૨૩ થી મળેલ હોય, અરજદારે ઓનલાઈન ભરેલ FQ ની રકમ તા.૨૭.૦૨.૨૦૨૩ ના રોજ રૂ.૨૦૦૩૨ ચેક નંબર-૯૦૪૧૪૦ થી અરજદારને RTGS કરેલ છે, આમ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૩.૪ ત્યારબાદ પીજીવીસીએલની લેખિત રજૂઆત તા.૦૪-૦૩-૨૦૨૩ મુજબ ફરિયાદી અરજદાર અને અન્ય બે (૦૨) અરજદારો દ્વારા ઓનલાઈન રકમ ભરપાઈ કરેલ, જે અનુસંધાને અરજદારોની અરજી એક જ સ્થળ ઉપર હોવાથી સર્વે કરેલ જેમાં સહમતીથી સદર વીજજોડાણો માટે નવું વીજ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવાની જગ્યા નક્કી કરવામાં આવેલ અને સદર વીજજોડાણો નું D-3 ગ્રુપ બનાવી સ્થળ ઉપર જરૂરી ૧૧ કે.વી. વીજ લાઈન, હળવા દબાણ ની વીજલાઈન અને માંગેલ વીજભાર મુજબની કેપેસીટી નું વીજટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરી પ્રાયોરીટી મુજબ સદર વીજજોડાણો રીલીઝ કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી હીનાબેન દિનેશભાઈ પોલરાની ફરિયાદ મુજબ ઓનલાઈન ભરપાઈ કરેલ FQ ની રકમ રીફંડ મેળવવા તેમજ પીજીવીસીએલ દ્વારા સદર અરજી દફતરે કરાયેલ છે તેના કારણોની લેખિત જાણકારી અપાયેલ ન હોવાથી અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ સદર અરજદાર દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ ૩-ફેઝ ઇન્ડસ્ટ્રીયલ. વીજજોડાણ મેળવવા માટે ઓનલાઈન અરજી અન્વયે જરૂરી ચાર્જીસ નીચે મુજબ ભરપાઈ કરેલ છે.

| ક્રમ નં | વિગત | રકમ (રૂ) | રસીદ નં. |
|---|---|---|---|
| ૧ | રજી. ચાર્જ | ૪૭૨=૦૦ | CCC0001103 |
| ૨ | ટેસ્ટરીપોર્ટ ચાર્જ | ૨૩=૬૦ | CCC0001104 |
| ૩ | ફિક્સ ચાર્જ | ૧૨૦૦૦=૦૦ | CCC0001105 |
| ૪ | સિક્યોરીટી ડીપોઝીટ રેસીડેન્સીયલ | ૭૭૧૨=૦૦ | CCC0001106 |
| ૫ | એગ્રીમેન્ટ ચાર્જ | ૩૦૦=૦૦ | CCC0001107 |
| | કુલ | ૨૦૨૦૭=૬૦ | |

અરજદાર દ્વારા નવા થ્રી ફેઇઝ ઇન્ડસ્ટ્રીયલ. વીજજોડાણ મેળવવા માટે ઓનલાઈન રકમ ભરપાઈ કરેલ જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સ્થળ પર જરૂરી સર્વે નંબર કરેલ પરંતુ ટ્રાન્સફોર્મર ઉભું કરવા માટેની જગ્યા નક્કી થઇ શકેલ ન હોવાથી અરજદારને લેખિત પત્ર નં -૧૩૧૯૮ તા.૨૨.૦૮.૨૦૨૨ થી દિવસ-૧૦ માં જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ, જે અનુસંધાને અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા સદર ઓનલાઈનની અરજી દફતરે કરેલ જેની જાણ અરજદારને લેખિત પત્ર નં – ૧૪૧૯૮ તા.૩૦.૦૯.૨૦૨૨ થી કરાયેલ છે, સદર પત્ર અરજદારને મળેલ છે તે બદલ અરજદારે ઓફીસ નકલમાં સહી કરેલ છે.

૪.૪ અરજદાર દ્વારા નવા વીજજોડાણ માટે ભરપાઈ કરેલ ઓનલાઈન રકમ રીફંડ કરવા માટે કોઈ ચોક્કસ ગાઈડલાઈન ન હોવાથી અરજદારને સદર રકમ સમયસર અપાયેલ ન હતી, પરંતુ સદર બાબતે નિગમિત કચેરી દ્વારા જરૂરી ગાઈડલાઈન તા.૦૩-૦૨-૨૦૨૩ ના રોજ અપાયેલ જે અનુસંધાને અરજદારને નિયમ અનુસાર મળવા પાત્ર રીફંડની રકમ રૂ.૨૦૦૩૨/- ચેક નંબર-૯૦૪૧૪૦ થી અરજદારને RTGS કરેલ છે, આમ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે, જે નિયમાધીન યોગ્ય છે, વધુમાં અરજદાર દ્વારા બીજી વખત કરાયેલ અરજી નંબર-૭૨૦૭૫ એસ.આર.નંબર-૧૫૪૭૦૩૫૦ થી તારીખ ૧૨.૧૦.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ, જે અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૩.૪ મુજબ વીજજોડાણ રીલીઝ કરવામાં આવેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"